R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-200 9-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

રોજગાર સમાચાર

વર્ષ - ૩૩● તા. ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૧ ● અંક નં. ૩૭

તંત્રી : વિ. થિરૂપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

To,

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. 30/-** *છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

વેબ સાઇટ : www.gujaratinformation.net Phone No. : 079-232-53440

ગુજરાત જાહેર સેવા આયોગ

નીચે દર્શાવેલ જગ્યાઓ માટે અરજીફોર્મ છેલ્લી તારીખઃ-૦૭-૦૯-૨૦૧૧ સુધીમાં આયોગમાં મળે તે રીતે મોકલવા જણાવવામાં આવે છે.

જાહેરાત ક્રમાંક	જગ્યાનું નામ	કુલ જગ્યાઓ જગ્યા	કક્ષાવાર જગ્યાઓ				કક્ષાવાર જગ્યાઓ પૈકી,મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવેલ જગ્યાઓ				કુલ પૈકી
			બિનઅનામત (સામાન્ય)	સા.શૈ. પ.વર્ગ	અનુ. જાતિ	અનુ. જનજાતિ	બિનઅનામત (સામાન્ય)	સા.શૈ. પ.વર્ગ	અનુ. જાતિ	અનુ. જનજાતિ	Disable માટે અનામત
[૭૦]	નાયબ પશુપાલન નિયામક, વર્ગ-૧	૧૫	૦૯	૦૩	૦૧	૦૨	૦૩	૦૧	-	-	-
[૭૧]	પેડીયાટ્રીકસના મદદનીશ પ્રાધ્યાપક,સા.રા.સે.,વર્ગ-૧	૦૪	૦૪	-	-	-	૦૧	-	-	-	૦૧
[૭૨]	કાયદા અધિકારી,ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવા,વર્ગ-૨	૦૩	૦૨	૦૧	-	-	૦૧	-	-	-	-
[૭૩]	રોજગાર અધિકારી, (સામાન્ય) (વ્યવસાય માર્ગદર્શન) ગુજરાત રોજગાર સેવા,વર્ગ-૨	૨૭	૧૪	૦૯	-	૦૪	૦૪	૦૨	-	૦૧	-
[૭૪]	પ્રવર વૈજ્ઞાનિક અધિકારી,(ફાર્માકોગ્નોસી)ગુજરાત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત ઔષધ સેવા, વર્ગ-૧	૦૧	૦૧	-	-	-	-	-	-	-	-
[૭૫]	ફીઝીશીયન/સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક, ગુજરાત આરોગ્ય અને તબીબી સેવા (તજજ્ઞ સેવા), વર્ગ-૧	૧૨૬	૭૦	૩૨	૦૪	૨૦	૨૩	૧૦	૦૧	૦૬	૦૩

❒ **જા.ક્રમાંકઃ[૭૦]** શૈક્ષણિક લાયકાત :- (૧) ભારત અથવા વિદેશની માન્ય સંસ્થા, કોલેજ કે યુનિ.ની પશુ ચિકિત્સા વિજ્ઞાન અથવા પશુપાલનની સ્નાતકની બીજા વર્ગની પદવી અથવા અનુસ્નાતકની પદવી, (૨) ઉમેદવાર ભારતીય પશુ ચિકિત્સા અધિનિયમ-૧૯૮૪ના પરિશિષ્ટ-૧ અથવા ૨ માં સમાવેશ કરેલ માન્ય પશુ ચિકિત્સા લાયકાત ધરાવતો હોવો જોઈએ. તેમજ તે રાજ્ય પશુ ચિકિત્સા પરિષદ અથવા ભારતીય પશુ ચિકિત્સા પરિષદ સાથે નોંધાયેલ પશુ ચિકિત્સક હોવો જોઈએ.(૩) ગુજરાતી ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ. અનુભવઃ- ઉપર દર્શાવલ લાયકાત મેળવ્યા બાદ પશુપાલનમાં અથવા પશુઓના રોગોની તપાસ અને નિયંત્રણ ક્ષેત્રમાં સઘન કાર્યનો સ્નાતકની પદવી સાથે આશરે પાંચ વર્ષનો અને અનુસ્નાતક પદવી સાથે આશરે ત્રણ વર્ષનો અનુભવ. પગારઃ- રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ (પીબી-૩) ગ્રેડ પે રૂા.૬૬૦૦,ઉમરઃ-૩૫ વર્ષથી વધુ નહિ.

❒ **જા.ક્રમાંકઃ[૭૧]** શૈક્ષણિક લાયકાત :- એમ.ડી.(પેડીયાટ્રીકસ) અથવા ભારતીય તબીબી પરિષદ દ્વારા માન્ય અન્ય સમકક્ષ અનુસ્નાતક લાયકાત. અનુભવઃ-માન્ય તબીબી કોલેજમાં નિવાસી /રજીસ્ટ્રાર/ડેમોન્સ્ટ્રેટર/ટયુટર તરીકેનો પેડીયાટ્રીકસ વિષયમાં ત્રણ વર્ષનો અનુભવ. પગારઃ-રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ (પીબી-૩) ગ્રેડ પે રૂા.૬૬૦૦,ઉમરઃ-૩૫ વર્ષથી વધુ નહિ.નોંધ :- ખાનગી વ્યવસાય કરવા અને **N.P.A.**સંબંધમાં સરકારશ્રીની વખતોવખત નીતિ/જોગવાઈઓ લાગુ પડશે.

❒ **જા.ક્રમાંકઃ[૭૨]** શૈક્ષણિક લાયકાત :- (૧) ભારતમાં કાયદા અન્વયે સ્થપાયેલ યુનિ.ની અથવા વૈદ્યાનિક રીતે સ્થપાયેલ અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અથવા યુનિ.ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ના સેકશન-૩ હેઠળ જાહેર થયેલ ડિમ્ડ યુનિ.ની કાયદા (સ્પેશીયલ)ની સ્નાતકની પદવી અથવા તેની સમકક્ષ લાયકાત. (૨) અનુભવઃ-નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો ફોઝદારી અદાલતમાં કેસો ચલાવતા હોવાનો આશરે ત્રણ વર્ષનો અનુભવ. (૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭માં વખતો વખતના સુધારા મુજબ કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન. (૪) ગુજરાતી અને/અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન. પગારઃ-રૂા.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂા.૫૪૦૦,ઉમરઃ-૩૧ વર્ષથી વધુ નહિ.

❒ **જા.ક્રમાંકઃ[૭૩]** શૈક્ષણિક લાયકાત :- (૧) ભારતમાં કાયદા અન્વયે સ્થપાયેલ યુનિ.ની અથવા વૈદ્યાનિક રીતે સ્થપાયેલ અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અથવા યુનિ.ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ના સેકશન-૩ હેઠળ જાહેર થયેલ ડિમ્ડ યુનિ.ની વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદો, ઈજનેરી અથવા ખેતીની બીજા વર્ગની સ્નાતકની પદવી અથવા તેની સમકક્ષ લાયકાત.(૨) અનુભવઃ-નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો વહીવટ, વાણિજ્ય, ઉદ્યોગ, ખેતી, મજૂર રોજગાર, મજૂર સંગઠન, મજૂર કલ્યાણ, ઔદ્યોગિક મનોવિજ્ઞાન, કર્મચારી પસંદગી અથવા શિક્ષણમાં વ્યવસાયિક સંશોધન, વ્યવસાય માર્ગદર્શન ક્ષેત્રે આશરે ત્રણ વર્ષનો અનુભવ. જો આયોગને એમ જણાય કે અનુ.જનજાતિના ઉમેદવારો માટે અનામત રાખેલી જગ્યાઓ ભરવા માટે પૂરતાં પ્રમાણમાં જરૂરી અનુભવ ધરાવતાં આ જાતિના ઉમેદવારો મળી રહે તેમ નથી તો તેવા સંજોગોમાં અનુ.જનજાતિના ઉમેદવારોને અનુભવની લાયકાતના સમયમાં આયોગને યોગ્ય લાગે તે અને તેટલા પ્રમાણમાં છૂટછાટ મૂકી શકશે. (૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭માં વખતો વખતના સુધારા મુજબ કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન. (૪) ગુજરાતી અને/અથવા હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન. પગારઃ-રૂા.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂા.૪૬૦૦,ઉમરઃ-૨૧ વર્ષથી ઓછી નહિ અને ૨૮ વર્ષથી વધુ નહિ.

❒ **જા.ક્રમાંકઃ[૭૪]** શૈક્ષણિક લાયકાત :- (૧) માન્ય યુનિ.ની વનસ્પતિશાસ્ત્ર અથવા ફાર્મસીની, ફાર્માકોગ્નોસીના મુખ્ય વિષય સાથે અથવા ઓર્ગેનિક કેમીસ્ટ્રીની ફીટો કેમેસ્ટ્રીના ખાસ વિષય સાથે અનુસ્નાતકની પદવી, (૨) ઉપર્યુકત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ ઈન્ડીજીનીયસ ડ્રગ અને ફીટોકેમીકલ પદ્ધતિમાં સંશોધન કામનો આશરે પાંચ વર્ષનો અનુભવ. પસંદગી પાત્ર :- સંબંધિત ક્ષેત્રમાં અસલ ગુણવત્તા યુકત સંશોધન કાર્યનો અનુભવ ધરાવનારને પસંદગીમાં અગ્રતા આપી શકાશે. નોંધઃ- આ જગ્યા માટે પસંદગી પામેલ ઉમેદવારે ગુજરાત મેડીકલ કાઉન્સિલ એકટ-૧૯૬૭ અનુસાર અથવા ફાર્મસી એકટ-૧૯૪૮ હેઠળ ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં નોકરીમાં જોડાયા પહેલા ગુજરાત રાજ્ય મેડીકલ કાઉન્સિલમાં નોંધણી કરાવેલ ન હોય તો નોંધણી કરાવવાની રહેશે. પગારઃ- રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે રૂા.૬૬૦૦,ઉમરઃ- ૪૦ વર્ષથી વધુ નહિ.

❒ **જા.ક્રમાંકઃ[૭૫]** શૈક્ષણિક લાયકાત :- (૧) માન્ય યુનિ. / શૈક્ષણિક સંસ્થા કે ડીમ્ડ યુનિ.ની એમ.બી.બી.એસ.ની પદવી અથવા એમસીઆઈ એકટ-૧૯૫૬ના પ્રથમ અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ સમકક્ષ લાયકાત (૨) માન્ય યુનિ.ની એમ.ડી.(મેડીસીન)ની પદવી અથવા એમસીઆઈ દ્વારા માન્ય અનુસ્નાતકની સમકક્ષ લાયકાત.(૩) ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન. નોંધઃ- આ જગ્યા માટે પસંદગી પામેલ ઉમેદવારે ગુજરાત મેડીકલ કાઉન્સિલ એકટ-૧૯૬૭ અનુસાર નોકરીમાં જોડાયા પહેલા નોંધણી કરાવવાની રહેશે. પગારઃ- રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે રૂા.૬૬૦૦,ઉમરઃ- ૪૦ વર્ષથી વધુ નહિ.

જાહેરાતની સામાન્ય જોગવાઈ (જા.ક્રમાંકઃ૭૦ થી ૭૫ / વર્ષ : ૨૦૧૧-૨૦૧૨)

♦ નાગરિકત્વઃ ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક,અથવા (ખ) નેપાળનો પ્રજાજન, અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧ લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ હોવો જોઈએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા, (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુકત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝેઈર, ઈથોપીયા અથવા વિયેટનામાથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંકઃ(ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ. નોંધઃ- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

♦ અરજી પત્રકઃ (ક) અરજી પત્રક ફી :- બિનઅનામત પુરૂષ / મહિલા ઉમેદવારો માટે અરજી ફીની કિંમત રૂા.૫૦/- છે. અનામત વર્ગોના ઉમેદવારો તથા અશકતતા ધરાવતા ઉમેદવારોને અરજી ફી ભરવાની નથી. (ખ) અરજી પત્રક મેળવવાની જોગવાઈઃ- અરજી પત્રક (૧) ટપાલ દ્વારા (૨) આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી (૩) આયોગની વેબસાઈટ ઉપરથી મળી શકશે તેમજ (૪) આયોગે નિયત કરેલ અરજી પત્રકની ફોટોકોપીનો ઉપયોગ થઈ શકશે. ૧: ટપાલ દ્વારા અરજી પત્રક મેળવવા :- બિન અનામત પુરૂષ / મહિલા ઉમેદવાર ટપાલ દ્વારા જગ્યાનું નામ અને જાહેરાત ક્રમાંક દર્શાવતી અરજી સાથે સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગના નામનો રૂા.૫૦/- નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર (ભારતીય પોસ્ટલ ઓર્ડરની પાછળ નામ, સરનામું, જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ દર્શાવીને) અને પોતાના સરનામાવાળું ૨૭ x ૧૨ cm ની રૂા.૧૦/- નું ટિકિટ લગાડેલ

➔

➔ પરબીડિયું ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, પહેલો માળ, લાલ દરવાજા, અમદાવાદને મોકલવાથી અરજી પત્રક મેળવી શકાશે. અનામત વર્ગોના ઉમેદવાર જાતિના પ્રમાણપત્રની નકલ તથા અશકતતા ધરાવતા ઉમેદવારો તબીબી પ્રમાણપત્રની નકલ સાથે ઉપરની વિગતો તથા ટિકિટ લગાડેલ પરબીડિયું (અરજી પત્રકની કિંમત રૂા.૫૦/- મોકલવાની રહેતી નથી) મોકલાવી ટપાલથી અરજી પત્રક મેળવી શકશે. ૨: આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક મેળવવા :- આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક કામકાજના દિવસો દરમ્યાન ૧૧ થી ૨ તથા ૩ થી ૫ સુધી મળશે. બિનઅનામત વર્ગના પુરૂષ / મહિલા ઉમેદવારો અરજી પત્રકની કિંમત રૂા.૫૦/- રોકડેથી ચૂકવીને અરજી પત્રક મેળવી શકશે. જયારે અનામત વર્ગના અને અશક્તતા ધરાવતા ઉમેદવારો જાતિ પ્રમાણપત્ર / અશક્તતાનું પ્રમાણપત્રની નકલ રજૂ કરીને વિના મૂલ્યે અરજી પત્રક મેળવી શકશે. ૩: વેબસાઈટ :-આયોગની વેબસાઈટ **"www.gpsc.gujarat.gov.in"** ઉપરથી ઉમેદવાર "સીધી ભરતી માટેનું અરજી પત્રક" ડાઉનલોડ કરીને ઉપયોગમાં લઈ શકશે. આવું અરજી પત્રક ઉપયોગમાં લેવાય ત્યારે ઉમેદવારે અરજી પત્રક પરના જમના ખૂણા પર "ડાઉનલોડ કરેલ અરજી પત્રક" તેમ દર્શાવવાનું રહેશે. ડાઉનલોડ કરેલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સહિત સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવાના રહેશે. ૪: અરજી પત્રકની ફોટોકોપી ઉપયોગમાં લેવી:- "સીધી ભરતી માટેનું અરજી પત્રક"ની સંપૂર્ણ ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લઈ શકશે અને જયારે ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લે ત્યારે ઉમેદવારે અરજી પત્રક પર જમણા ખૂણા પર "ફોટોકોપી" તેમ દર્શાવવાનું રહેશે.

♦ ભરેલા અરજી પત્રક:- (૧) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં ઉમેદવારના અરજી પત્રકો અયોગની કચેરીમાં મળે તે રીતે ઉમેદવારે મોકલવાના રહેશે. (૨) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૧ થી ૨ અને બપોરના ૩ થી ૫ દરમ્યાન જમા કરાવી શકશે. (૩) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બી-બ્લોક, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ના સરનામે ટપાલથી પણ મોકલી શકશે. (૪) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ કોઈપણ રીતે મળેલા અરજી પત્રકો સ્વીકારવામાં આવશે નહિ. (૫) બિન અનામત ઉમેદવારે આયોગની કચેરીમાંથી અરજી પત્રક મેળવેલ હોય તો અરજી સાથે રૂા.૧૦૦/- અને વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ હોય કે ફોટોકોપીવાળું અરજી પત્રક મેળવેલ હોય તો અરજી પત્રક સાથે રૂા.૧૫૦/- ની ફી ભરવાની છે. આવી ફી રોકડેથી કાઉન્ટર પર સ્વીકારવામાં આવે છે અથવા ભારતીય પોસ્ટલ ઓર્ડર મારફત ભરી શકાશે અને ઉમેદવારે નિયત ફી થી વધુ રકમનો ભારતીય પોસ્ટલ ઓર્ડર મોકલેલ હશે તો વધારાની રકમ પરત કરવામાં આવશે નહિ અને તે જમા લેવામાં આવશે. (૬) ઓછી અરજી ફી અથવા અરજી ફી વગરની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. (૭) ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાતની તારીખ બાદનો ખરીદેલો હોવો જોઈએ. (૮) અરજી ફી પેટે મનીઓર્ડર, બેન્ક ડ્રાફટ અથવા ચેક સ્વીકારવામાં આવશે નહિ. અરજી ફી જાહેરાત રદ કરવામાં આવે તે સિવાયના કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ.(૯) ભારત બહારથી અરજી કરતા ઉમેદવારે નિયત ફી ભારતના હાઈકમિશ્નર અથવા ભારતીય રાજદૂત અથવા ભારત સરકારના પ્રતિનિધિની કચેરીમાં જમા કરાવવી તથા આવા ચૂકવણાની મૂળ પહોંચ અરજી પત્ર સાથે જોડવી. (૧૦) જો એક કરતા વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે. (૧૧) એક જ જાહેરાત માટે એક જ અરજી કરી શકાશે. એક જાહેરાત માટે જો એક થી વધુ અરજી કરેલ હશે તો તે વિચારણામાં લેવામાં આવશે નહિ. (૧૨) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને બિનઅનામત માટેના ધોરણો લાગુ પડશે. (૧૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહિ. (૧૪) અરજી ફી વગરની અરજીની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહિ.(૧૫) અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. (૧૬) ઉમેદવારો દ્વારા અરજીપત્રક / પરીશિષ્ટમાં આપવામાં આવેલ વિગતોમાં વિસંગતતા જણાશે તો અરજીપત્રકમાં આપવામાં આવેલ વિગત જ ધ્યાનમાં લેવામાં આવશે.

♦ વયમર્યાદા:- (૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) ઉપરની જાહેરાતમાં જે વયમર્યાદા આપવામાં આવેલ છે. તેમાં વયમર્યાદામાં છૂટછાટ આ મુજબ મળવાપાત્ર છે. (ક) અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગ -પાંચ વર્ષ, (ખ) બિન અનામત મહિલા ઉમેદવાર -પાંચ વર્ષ, (ગ) અનામત વર્ગના મહિલા ઉમેદવાર -૧૦ વર્ષ,(આ છુટછાટમાં,મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો પણ સમાવેશ થઈ જાય છે.) (ક) થી (ગ) માં દર્શાવેલ આ પ્રકારની છૂટછાટ ઉમેદવારની વય ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે મળશે. (ઘ) સિવાય જા.ક: **[૭૪]** ની જાહેરાતોમાં માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ.સહિત -લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ, (ચ) સિવાય જા.ક: **[૭૪]**સિવાયની જાહેરાતોમાં અશકતતા ધરાવતા ઉમેદવારો કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય, તેઓને તા.૧-૧૨-૨૦૦૮ના સા.વ.વિ.ના પરિપત્રથી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળશે. આ છૂટછાટની પાત્રતા આ મુજબ છે.(૧) જા.ક: **[૭૧]**માટે **BL (Both legs affected but not arms)** અથવા **O.L. (One leg affected)** ની અશકતતા ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ધરાવતા હોય અને આવા ઉમેદવારના ઉપરના બંને અવયવો **(Both upper limbs)** સંપૂર્ણ પણે નોર્મલ હોય તથા દ્રષ્ટિ અને શ્રવણશક્તિ નોર્મલ હોય અને આવા ઉમેદવાર ઘોડીની મદદ વગર ચાલી શકતા હોય તેવા ઉમેદવારો.(૨) જા.ક: **[૭૦]** માટે **O.L. (One leg affacted** અને **HH (Hearing Handicaped)**ની અશકતતા ૪૦ ટકા થી ૭૫ ટકા વચ્ચે ધરાવતા હોય અને આવા ઉમેદવારના બંને અવયવો **(Both upper limbs)** સંપૂર્ણપણે નોર્મલ હોય તથા દૃષ્ટિ અને શ્રવણશક્તિ નોર્મલ હાય અને આવા ઉમેદવાર ઘોડીની મદદ વગર ચાલી શકતા હોવા જોઈએ.(૩) **OL(One leg)** અને **OA(One Arm)** ની અશકતતા ધરાવતા ઉમેદવારો જા.ક: **[૭૨],[૭૩]**અને**[૭૫]**માટે , આ સિવાય અન્ય અશકતતા ધરાવતા ઉમેદવારને છૂટછાટ મળવા પાત્ર નથી. (છ) ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ:- ૧: જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૨: જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઈજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાંની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા **(Any such post)** માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૩: જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. (૪) સિવાય જા.ક: **[૭૨],[૭૩]**અને**[૭૪]**ની જાહેરાતો માટે વિશિષ્ટ રીતે સારી લાયકાત અને અથવા અનુભવ ધરાવતા ઉમેદવારોને આયોગને વિવેકાધીન છૂટછાટ મળવાપાત્ર છે.(૩) આયોગ જન્મતારીખના પૂરાવા માટે એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પૂરાવાઓના આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ..... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (**credibility**) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોાગ દ્વારા લેવામાં આવશે.

♦ શૈક્ષણિક લાયકાત:- (૧) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ ધરાવતા હોવા જોઈએ. (૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. (૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી / સંસ્થાના ગુણ પત્રક / પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શાળા / કોલેજના આચાર્યશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. (૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહિ. (૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકક-દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

♦ અનુભવ:- (૧) અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં ગણવામાં આવશે. (૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ). મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર / મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનુ રજૂ કરવાનું રહેશે. (૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ.(૫) અંશ:કાલીન, રોજંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહિ.

♦ અનૂસચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ:- (૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના જે ઉમેદવાર હોય તેઓએ અરજી પત્રક અને પરિશિષ્ટમાં તેની વિગતો અચૂક દર્શાવવી. (૩) આવા ઉમેદવારે અરજી પત્રક તથા પરીશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો દાવો માન્ય રાખવામાં આવશે નહિ. (૪) અનામત વર્ગ તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અવશ્ય સામેલ કરવાની રહેશે. અરજી પત્રક સાથે પ્રમાણપત્રની નકલ સામેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ અને અરજી પત્રક રદ થવાને પાત્ર બનશે. (૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે. (૬) (૧) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (૨) પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (૩) અરજી સાથે પરિશિષ્ટ-"ક" ને બદલે એનેકચર-**"A"** (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. (૪) આ પ્રમાણપત્ર તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૩-૨૦૧૧ ના સમયગાળાની આવકને ધ્યાને લઈ, તા.૦૧-૦૪-૨૦૧૧ થી ૦૭-૦૯-૨૦૧૧ સુધી મેળવેલ હોવું જોઈએ. (૫) જો ઉમેદવારે આ પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ.(૭) અનામત વર્ગના ઉમેદવારોએ અરજી પત્રકમાં અનામત કક્ષાની અથવા બિનઅનામત (સામાન્ય) જગ્યા સામે ઉમેદવારી નોંધાવો છો ? તેની વિગતો સ્પષ્ટપણે અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં દર્શાવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ખાનું ખાલી ન રાખવું કે ટપકા કરવા નહિ તે જોવાનું રહેશે. (૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા

➔

➔ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે. આ જોગવાઈને વિચાણામાં લઈને અરજી પત્રકમાં વિગત આપવાની રહેશે. (૯) અનુસૂચિત જાતિના ઉમેદવારે અરજી પત્રકમાં પોતાનો ધર્મ અવશ્ય દર્શાવવાનો રહેશે. જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, અશકતતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

♦ માજી સૈનિકઃ- (૧) માજી સૈનિક અને અશકતતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજી પત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

♦ અશકતતા ધરાવતા ઉમેદવારોઃ- (ક) અશકતતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (ખ) અશકતતા ધરાવતા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે ૧ઃ અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ ૨ઃ શ્રવણની ખામી ૩ઃ હલન-ચલન અશકતતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઈ અશકતતા છે તે દર્શાવવું. (ગ) જાહેરાતમાં અશકતતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની અશકતતા ધરાવતા ઉમેદવાર પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે. (ઘ) અશકતતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સરકારી હોસ્પિટલ / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં આવેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ. અશકતતા માટેનો લાભ મળવાપાત્ર થશે નહિ.

♦ મહિલા ઉમેદવાર :- મહિલાઓ માટે અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તેની જગ્યા જે તે કક્ષાના (**category**) પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે.

♦ વિધવા ઉમેદવારઃ- (૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા લાગુ પડતુ નથી એમ દર્શાવવું. (૨) વિધવા ઉમેદવારે પુનઃલગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા લાગુ પડતું નથી એમ લખવું. (૩) વિધવા ઉમેદવારે જો પુનઃલગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોય તો અરજી સાથે પુનઃલગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ રજૂ કરવાની રહેશે. (૪) વિધવા ઉમેદવારને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલા ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

♦ ના-વાંધા પ્રમાણપત્ર :- (૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવાતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. (૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

♦ ગેરલાયક ઉમેદવાર :- ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવાયો હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

♦ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ :- અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ, કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલા હોય તો અરજી પત્રમાં તેની વિગત આપવાની રહેશે.

♦ રજીસ્ટ્રેશન :- તબીબી / દંત વિજ્ઞાન / પશુ ચિકિત્સા / કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જયાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને અરજી સમયે રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

♦ સામાન્ય :- (૧) ઉમેદવારે આપવાની થતી માહિતી ખોટી આપી હશે અને / અથવા અરજી પત્રકમાં જરૂરી માહિતી / વિગતો છૂપાવવાનો પ્રયાસ કરેલ હશે અને / અથવા આયોગને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હશે અને તે ધ્યાન ઉપર આવશે તો પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાત, નિમણૂક વગેરે તમામ માટે ગેરલાયક ઠરશે. વધુમાં, આવા ઉમેદવારને આયોગ ભવિષ્ય માટે ગેરલાયક ઠરાવી શકશે અને જો ઉમેદવાર રાજ્ય સરકારની સેવામાં હશે તો તેમની સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે. (૨) સીધી અથવા આડકતરી રીતે આયોાગ પર દબાણ લાવવા પ્રયત્ન કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

♦ અગત્યની જોગવાઈઓ :- ❖ ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જયાં પ્રાથમિક લેખિત કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નકકી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નકકી કરશે નહિ તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યતઃ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. (૨) આ જાહેરાતોમાં ઠરાવેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને / અથવા વધુ અનુભવ અને / અથવા લાયકાતમાં ઉંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે. ❖ પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર **"0"(Zero)** અને/અથવા "-"(માઈનસ) ગુણ મેળવશે તો તેમને રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં આવશે નહિ.

♦ રૂબરૂ મુલાકાત :- ❖ રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. ❖અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકીટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકીટ રજૂ કરવાની રહેશે. ❖રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહિ તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહિ તેની ખાસ નોંધ લેવી.

♦ નીચે દર્શાવ્યા મુજબની અધૂરી અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

❖ આયોગે નિયત કરેલ અરજી પત્રકમાં અરજી મળેલ ન હોય. ❖ અરજી અને/અથવા પરિશિષ્ટમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય તથા ડાઉનલોડ કરલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવામાં આવેલ નહિ હોય. ❖ અરજી અને/અથવા પરિશિષ્ટમાં ઉમેદવારની સહી ન હોય. ❖ અરજી અને/અથવા પરિશિષ્ટમાં કેપીટલ લેટરમાં સહી કરેલ હશે તો. ❖ અરજી અને/અથવા પરિશિષ્ટ ફેકસથી કે ઈ-મેઈલથી મોકલાવેલ હોય. ❖અરજી અને/અથવા પરિશિષ્ટમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવેલ ન હોય. ❖ અરજી અને/અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની ઝેરોક્ષ લગાવેલ હોય. ❖અરજી અને પરિશિષ્ટ બે માંથી એક જ મોકલાવેલ હોય. ❖ અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય. ❖ અરજી સાથે ફી ભરેલ હોય પરંતુ ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખ પહેલાનો ખરીદેલ હોય. ❖ એક જ ગ્યા માટે એક કરતાં વધુ અરજી મળેલ હોય. ❖ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા અશકતતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ થયેલ ન હોય. ❖ માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય. ❖ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે તા.૧-૪-૨૦૧૦ થી તા.૩૧-૩-૨૦૧૧ ના સમયગાળાની આવકને ધ્યાને લઈ, તા.૦૧-૦૪-૨૦૧૧ થી ૦૭-૦૯-૨૦૧૧ સુધીમાં મેળવેલ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય. ❖ ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. ❖ જન્મતારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. ❖ તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ. માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય તો. ❖ ઉમેદવારે અરજી પત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નકકી કરવાની થતી હોય) અને તેના સમર્થનમાં પ્રમાણપત્રો રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ પ્રમાણપત્રોમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તો.

નિમણૂક :- (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પ્રસિદ્ધ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

નોંધ :- અરજીફોર્મ મેળવવાની, ફીની, વયમર્યાદામાં છૂટછાટની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat. gov.in** ઉપર અચૂક જોવાની રહેશે. વેબસાઈટ ઉપરની વિગતો જોયા વિના ઉમેદવાર અરજી કરશે અને અરજીમાં કોઈ

❖ માહિતી/વગતો આપવામાં આવશે નહિ કે

❖ અધૂરી આપવામાં આવશે ક

❖ જાહેરાતની સૂચનાઓ મુજબ આપવામાં આવશે નહિ તો, તેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે અને આ અંગે પાછળથી કોઈ ફરિયાદ કે રજુઆત આયોગ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ●

(અનુસંધાન પાન નં. ૫ ઉપરનું ચાલુ....)

ટીકીટોના વેચાણનું માસિક ટર્નઓવર રૂા.માં	ચુકવવાનું થતું કમિશન ટકામાં
રૂા. ૧ થી ૧૫,૦૦૦	૧૫ ટકા (ઓછામાં ઓછુ રૂા. ૫૦૦/)
રૂા. ૧૫,૦૦૧ થી ૫૦,૦૦૦	૧૨ ટકા
રૂા. ૫૦,૦૦૧ થી રૂા. ૧,૦૦,૦૦૦	૦૯ ટકા
રૂા. ૧,૦૦,૦૦૧ થી ૨,૦૦,૦૦૦	૦૬ ટકા
રૂા. ૨,૦૦,૦૦૧ થી વધુ	૦૩ ટકા

(૬) કોઈપણ રીતે ની સંપૂર્ણ અરજી નકારી દેવામાં આવશે. (૭) આ બાબતના કોઈપણ કોર્ટ કેસ માત્ર માનનીય ભાવનગર ન્યાયાલય ના ન્યાયક્ષેત્ર હેઠળ જ કરી શકાશે. (૮) અરજીઓ તા. ૫-૯-૨૦૧૧ સુધીમાં ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શીયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા-૩૬૩૦૦૪ને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. (૯) અરજી સુચવેલા પ્રોફોર્મમાં જમા ન કરાવવાની રહેશે. એવી અરજીઓ જે સુચવેલા પ્રોફોર્મમાં જમા ન કરાવાઈ હોય તે નકારી દેવામાં આવશે અને તે અરજદારોની ઉમેદવારની ઉમેદવારી ગણતરીમાં લેવામાં નહીં આવે.

એનેક્ષર 'એ'

પ્રતિ શ્રી,
ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ)
ડિવિઝનલ ઓફિસ,
પશ્ચિમ રેલવે, ભાવનગર પરા-૩૬૩૦૦૪

પાસપોર્ટ સાઈઝનો ફોટો

મુકામ એજન્ટ માટેનું અરજીપત્રક

(૧) અરજદારનું નામ :-
(કેપીટલ અક્ષરોમાં)
(૨) પિતાનું/પતિનું નામ :-
(૩) જન્મ તારીખ :-
(૪) શૈક્ષણિક યોગ્યતા :-
(૫) શારીરિક સુસજ્જતા :-
(૬) રહેઠાણનું સરનામું અને મોબાઈલ નં.
(૭) અનુભવ જો કોઈ હોય તો
(૮) જે તે સ્ટેશનનું નામ જેના માટે અરજી જમા કરાવવાની હોય :-

સ્થળ :-
તારીખ **અરજદારની સહી** ●

NATIONAL INSTITUTE OF OCCUPATIONAL HEALTH (INDIAN COUNCIL OF MEDICAL RESEARCH)

MEGHANI NAGAR, AHMEDABAD 380 016.

Applications are invited on or before 10th September, 2011 to fill up the following vacancies at this Institute:-

☐ **Post** : **Technical Officer-A** (Biochemistry or Environment Science)

- **No. of Vacancies : One.** Unreserved
- **Pay scale :** PB-2, Rs.9300-34800 +GP of Rs. 4600.
- **Qualifications**
- **Essential :** Three years Graduate degree in required subject with 5 years experience or Three years Graduate Degree in relevant subject with diploma in the required subject from a recognized University/ Institute with 3 years experience in a Govt. recognized Institute/Organisation.
- **Desirable :** M.Sc in Bio-Chemistry / Environmental Science.
- **Job requirement :** Responsible for environmental (Physical, Chemical) Monitoring, including biological monitoring experimental and field investigatio n related to occupational and environmental health.
- **Age :** Below 35 Yrs.

☐ **Post** : **Technical Assistants** (Bio-chemistry / Environment Science/Statistics / Life Science / Physiology).

- **No. of Vacancies : Four.** 1 post reserved for OBC 1 post reserved for OBC- PH (Orthopedic) 2 posts are Unreserved
- **Pay scale :** PB-2, Rs.9300-34800 +GP of Rs. 4200.
- **Qualifications**
- **Essential :** Three years Graduate degree in Biochemistry/Environmental Science/Physiology/Life Science/Stat. With 2 years experience or Three yers degree in revelent subject with two years diploma in subjects from the recognized Institute/University.
- **Desirable :** M.Sc in Bio-Chemistry / Environmental Science.
- **Job requirement :** Technical work in field and laboratories studies in relevant areas.
- **Age :** Below 30 Yrs.

☐ **Post** : **Technician- C**

- **No. of Vacancies : Eight.** 3 posts reserved for OBC 1 post reserved for ST 4 posts Un-reserved
- **Pay scale :** PB-1, Rs.5200-20200 +GP of Rs. 2800.
- **Qualifications :**
- **Essential :** 10+2 with Science subjects or equivalent from a recognized board with two years Diploma in Medical Lab. Technology/Radiology/Radiography from Govt. recognized Organization/Institute/Medical College.
- **Desirable :** B.Sc with Diploma in Medical Laboratory Technology.
- **Job requirement :** Technical work in field and laboratories studies in relevant area.
- **Age :** Below 30 Yrs.

☐ **Post** : **Technician- A**

- **No. of Vacancies : Two.** 1 post reserved for OBC-PH (orthopedic) 1 post for Unreserved
- **Pay scale :** PB-1, Rs.5200-20200 +GP of Rs. 1900.
- **Qualifications :**
- **Essential :** 10+2 with Science subjects or equivalent from recognized Board with one year Certificate course in Medical Lab. Technology from Govt. recognized Organization/Institute/ Medical College
- **Job requirement :** Technical work in field and laboratories studies in relevant area.
- **Age :** Below 28 Yrs.

Age relaxation up to 5 years is allowed for Govt. servants, and SC/ST, OBC – 3 years and PH – 10 years in accordance with the orders issued by the Central Govt. from time to time. Crucial date for calculating the age will be last date of receipt of application. Candidates belonging to SC/ST/PH and OBC (Non-Creamy layer) should furnish their certificates in the prescribed format failing which their application will not be considered.

(અનુસંધાન પાન નં. ૭ ઉપર)

ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેન્કીંગ પર્સોનલ સીલેકશન મારફત રાષ્ટ્રીયકૃત બેન્કોમાં પ્રોબેશનરી ઓફિસર્સ/મેનેજમેન્ટ ટ્રેઈની માટેની સામાન્ય લેખિત પરીક્ષા (CWE) તા. ૧૮-૦૯-૨૦૧૧ના રોજ લેવાનાર છે. આ પરીક્ષા તેમજ બેન્ક ક્લાર્કની આગામી પરીક્ષાના ઉમેદવારોને ઉપયોગી નીવડે તે હેતુથી નીચે મુજબના Objective Tests રોજગાર સમાચાર દ્વારા આ અંકથી પ્રસિધ્ધ કરવાનું આયોજન કરાયું છે.

(1) Quantitative Aptitude (2) Reasoning

રોજગાર સમાચારના વાંચક મિત્રો પૈકી બેન્કોની પ્રોબેશનરી ઓફિસર્સ/મેનેજમેન્ટ ટ્રેઈની અને બેન્ક ક્લાર્કની પરીક્ષા માટે આ અંકમાં "Quantitative Aptitude" Test નું એક અગત્યનું પ્રકરણ : profit/Loss ના પરીક્ષા લક્ષી પ્રશ્નો અને તેના ઉકેલ (Keys) પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. **લેખક : મનીષ શાહ**

PROFIT AND LOSS

Ex : 1 An article is bought for Rs. 20 and sold for Rs. 25, what is the gain % ?
(1) 20 % (2) 25 % (3) 40 % (4) 10 % (5) None

Ex : 2 A man bought 5 apples for Rs. 3 and sold each for Rs. 2 What did he gain or loss ?
(1) 100 % (2) 233 $\frac{1}{3}$ % (3) 300 % (4) 133 $\frac{1}{3}$ % (5) 150 %

Ex : 3 I loss 20 % by selling a watch for Rs. 64. What percent shall I gain or lose by selling it for Rs. 100 ?
(1) 25 % (2) 20 % (3) 16 $\frac{2}{3}$ % (4) 30 % (5) None

Ex : 4 A shopkeeper marks his goods 20 % above cost price, but allows 10 % discount for cash. What percent profit does he really maked ?
(1) 8 % (2) 10 % (3) 12 % (4) 6 $\frac{2}{3}$ % (5) $9\frac{1}{11}$%

Ex : 5 By selling 33 metres of cloth, Pratiba gained the selling price of 11 metres. What is the gain ?
(1) 25 % (2) 50 % (3) 33 $\frac{1}{3}$ % (4) 66 $\frac{2}{3}$% (5) None

Ex : 6 A man sold a wtach for Rs. 60 and lost something. Had he sold it for Rs. 75 his gain would have been double the former loss. What is the cost price ?
(1) 15 (2) 30 (3) 75 (4) 65 (5) 70

Ex : 7 By selling a watch for Rs. 144 a man loses 10 %. At what price should he sell it in order to gain 15 % ?
(1) 184 (2) 158.4 (3) 168 (4) 160 (5) None

Ex : 8 A merchant bought 200 eggs. Out of which 38 were broken. He sold the remaining eggs at the rate of Rs. 4.80 per dozen and thus gained 8 %. Find the total investment ?
(1) 60 (2) 68 (3) 74.07 (4) 61.60 (5) None

Ex : 9 If an article is sold at a gain of 4%. Instead of being sold at a loss of 6 % one gets Rs. 6 more. Find the cost price of the article ?
(1) Rs. 50 (2) Rs. 60 (3) Rs. 75 (4) Rs. 66 (5) None

Ex : 10 A reduction of 10 % in the price of sugar enables me to obtain 25 Kg. more for Rs. 225. What is the reduced price per Kg. ?
(1) 90 p. (2) 100 p. (3) 125 p. (4) 110 p. (5) None

Ex : 11 Priya had a car to sell. Preeti offered her a sum of money for the car which she refused as it was 13 % below it's value. Preeti then offered Rs. 450 more and the second offer was 5 % more than the original value. What was the value of the car ?
(1) Rs. 2500 (2) Rs. 5000 (3) Rs. 2000 (4) Rs. 4500 (5) Rs. 3500

Ex : 12 Ruchi sells a bicycle to Monica at a profit of 20 % and Monica sells it to Mohit at a profit of 25 %. If Mohit pays Rs. 225 for it what did Ruchi pay for it ?
(1) Rs. 200 (2) Rs. 125 (3) Rs. 140 (4) Rs. 150 (5) Rs. 160

Ex : 13 A publisher sells books to a retailer at Rs. 5 a copy but allows 25 copies to be counted as Rs. 24. If the retailer sells each of the 25 copies at Rs. 6. What profit percent does he make ?
(1) 20 % (2) 16 $\frac{2}{3}$ % (3) 25 % (4) 35 % (5) 10 %

Ex : 14 Meeta sells her car for Rs. 5000 and loses something. Had she sold it for Rs. 5600 her gain would have been double the former loss. Find the cost price.
(1) Rs. 4800 (2) Rs. 5200 (3) Rs. 5600 (4) Rs. 6000 (5) None

Ex : 15 I bought 80 Kg. of Coal for Rs. 88 and was obliged to sell it at a loss of as much money as I received for 20 Kg. At what price did I sell the Coal ?
(1) 88 p. (2) 80 p. (3) 70 p. (4) 100 p. (5) None

Ex : 16 A dealer sells a table for Rs. 400 making a profit of 25 %. He sells a second table at loss of 10 % and on the whole makes neither profit nor loss. What did the second table cost him ?
(1) Rs. 800 (2) Rs. 720 (3) Rs. 600 (4) Rs. 240 (5) None

Ex : 17 A man buys an apples at a certain price per dozen and sells them at eight times that price per hundered. What is his gain or loss % ?
(1) 4 % profit (2) 4 % loss (3) 8 % profit (4) 8 % loss (5) None

SOLUTIONS : FOR PROFIT and LOSS

Important formulae :

(1) Gain % = $\frac{\text{Gain}}{\text{C. P.}} \times 100$ (2) Loss % = $\frac{\text{Loss}}{\text{C.P.}} \times 100$

